## સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
ફોન : ૨૩૨૨૬૨૫૧

### સલામી સવારની..

રહ્યા છે કાયમના દુખી એનો સાથ જોડીને -
સહ્યા આઘાતો અનેક એનો સંગાથ છોડીને -
સાંકળ તોડીને શિસ્તની કહી ન શક્યા કંઇ -
હવે તો ચાલવું પડે છે સૌને હાથ જોડીને -
(શ્રી અડવાણીની હાલત)

### હાઇકુ

થયા વડીલ,
બિચારા અડવાણી -
રાખો પૂજામાં..
(પદ વિનાના પ્રભુ)

'ગુજ્જુ સાંસદો!'
હવે ચિંતા વિના જ -
રમો ગરબે..
(રજૂઆતની ચિંતા જ નહીં)
સાંસદ ગરબે ચઢ્યા

### ચિંતન

**તૈલાદ્ રક્ષેત્ જલાદ્ રક્ષેત રક્ષેત શિથિલ બંધનાત્ । મૂર્ખ હસ્તે ન ઘતવ્યં એવં વદતિ પુસ્તકમ્ ॥**

પુસ્તક કહે છે કે, તમે મારું તેલથી રક્ષણ કરો, મારું પાણીથી રક્ષણ કરો - મારાં ઢીલાં થયેલ બંધન (બાઇન્ડીંગ)થી પણ મારું લક્ષણ આવી રીતે રક્ષણ કર્યા પછી પણ મને કોઇ મૂર્ખ અજ્ઞાનીના હાથમાં સોંપતા નહીં.

પુસ્તક છે એ 'જ્ઞાન' જે ભાવવાચક શબ્દ છે એનું સાક્ષાત-નક્કર સ્વરૂપ છે એટલે કે ઇશ્વરના સાક્ષાત દર્શન છે. વિદ્યા-જ્ઞાનના કોઇ પણ ક્ષેત્રના 'ઇશ્વરનું' દર્શન પુસ્તક દ્વારા થાય છે. આધ્યાત્મિક જ્ઞાન, સ્તુતિ-પ્રાર્થનાઓ કર્મકાંડ કે કોઇ પણ ટેકનિકલ જ્ઞાનનું એમાં સ્વરૂપ છે પ્રાચીનકાળથી વૃક્ષની છાલ પર લખાતાં-પત્રો આધુનિક સ્વરૂપે 'પુસ્તક' પ્રીન્ટ મીડિયા સુધી પ્રગતિ કરી આવાં અમૂલ્ય પુસ્તક-ગ્રંથોની ખૂબ જ સાચવણ રાખવી જરૂરી છે. કોઇ ના-લાયક હાથમાં જઇ આવાં ઉત્તમ પુસ્તકો વેડફાઇ ન જાય એ ખાસ જોવું જોઇએ.

હવે તો 'લાઇબ્રેરી સાયન્સ'નું જ્ઞાન પણ આવી સાચવણ માટે સમજ આપે છે.

### સુવિચાર

- સર્વ મનુષ્યોમાં ઇશ્વર બધાં સત્ય અને સૌંદર્ય મૂકેલાં છે, તેનું સતત દર્શન કવિતા આપણને કરાવતી રહે છે **- રવિન્દ્રનાથ ટાગોર**
- જેને ધન ભેગું કર્યું અને તેને ગણવામાં જ રહ્યો... એ એવા ભ્રમમાં હોય છે કે ધન જ તેને અમર બનાવી દેશે **- કુરાન**
- જીવનનો સંઘર્ષ પહેલા મન સાથે કરવો પડે છે કારણ કે મનને 'નકારાત્મક વલણ'નો સહેલો રસ્તો જ પસંદ છે **- એસ. ભટ્ટાચાર્ય**
- પુરૂષના જીવનમાં 'અહંકાર' અને સ્ત્રીના જીવનમાં 'અલંકાર' કાયમ ઉથલપાથલ સર્જે છે **- માનસસૂત્ર**
- જે આળશું છે તેને માટે જ ભગવાને આવતીકાલ સર્જી છે **- જાપાની કહેવત**
- મેં એક વેપારીને 'પ્રામાણિકતા' શબ્દ કહ્યો... એક સરકારી અફસરને 'સેવા' શબ્દ કહ્યો અને રાજકારણીને 'સાદગી' શબ્દ કહ્યો... ત્રણેય મારી સામે જોઇને એક જ શબ્દ બોલ્યાં 'પાગલ' **- ચંદ્રકાન્ત બક્ષી**
- પતિ પત્નીની દલીલો કોઇ ધ્યાનપૂર્વક સાંભળતું હોય તો તે છે તેમના પાડોશીઓ **- અમેરીકન કહેવત**

**(સંકલન : દીપક વી. આસરા)**

### બોધ કથા

સ્કૂલ શરૂ થાય અને વિદ્યાર્થીઓ-સંતાનોની આ મોંઘવારીમાં માતા-પિતા પાસે અપેક્ષાઓ વધી જાય! નવી સાયકલ, સ્કૂટર, નવું દફતર, નવા બૂટ ઇત્યાદિ - ઇત્યાદિ.. જે વસ્તુ ચાલી શકે તેવી હોય એ કંઇ દર વર્ષે નવી જ લેવી એ કંઇ જરૂરી નથી...

વિદેશમાં એક વિદ્યાર્થી હાઇસ્કૂલમાં ભણતો હતો. ચાર વર્ષથી એકનો એક યુનિફોર્મનો કોટ પહેરતો હતો. હવે થોડો ટૂંકો પણ પડતો હતો અને ઘણી જગ્યાએથી ફાટી પણ ગયો હતો. ખરાબ દેખાતું હતું. માતાપિતા નવો કોટ ખરીદી લેવા આગ્રહ પણ કરતાં હતા પણ વિદ્યાર્થી ના પાડતો હતો.

અંતે, માએ વિશ્વાસમાં લઇ એને 'ના' પાડવાનું કારણ પૂછ્યું, વિદ્યાર્થી કહે - મારો મિત્ર ગરીબ છે એ પણ ચાર વર્ષથી એ જ જૂનો કોટ પહેરે છે, અમે વર્ષોથી એક જ પાટલી પર બેસીએ છીએ. હવે તો એ જુનો કોટ પહેરતો હોય તો મારાથી નવો કોટ કેમ પહેરાય? આમ છતાં જો તારો આગ્રહ જ હોય તો - અમારા બંને માટે નવો કોટ બનાવડાવી આપ!

માતાપિતા બાળકની સોચથી ખૂશ થયાં અને બંને મિત્રોને નવો કોટ મળ્યો.

આ કરૂણાસભર દયાળું વિદ્યાર્થી આગળ જતાં ડોકટર થયો એનું નામ 'આલ્બર્ટ શ્વાઇત્સર' અને ડોકટર થયા પછી પણ એણે દક્ષિણ આફ્રિકાના અજ્ઞાન-ગરીબ આદિવાસીઓની સારવારમાં જ જિંદગી પસાર કરી..

Email - sureshchandrabhatt18@gmail.com

# સર્જનના વળતર સમા સંતોષ માટે જાણ કરીને ભજવવા માટે આગોતરી મંજૂરી આપતાં બાળ નાટકો - 'દીવાથી પ્રગટે દીવા'


## શબ્દ સમીપે

**- નટવર હેડાઉ**

બાળ સાહિત્ય વાંચવામાં એકદમ સહજ સરળ અને સરસ લાગે એટલે એમ લાગે કે આવું તો આપણને પણ લખી શકીએ. પણ હકીકતમાં બાળ સાહિત્ય લખવું એ ખુબ જ અઘરું છે. કારણ કે બાળ સાહિત્યમાં બાળકોને ગમતાં વિષયો તેમાં વણાયા હોવા જોઇએ. બાળકોનું ભાવ વિશ્વ તેમાં ઝીલાયું હોવું જોઇએ. તેમાં બાળકો તાદાત્મય સાધી શકે તેવાં પાત્રો આવતાં હોવા જોઇએ. બાળકો સહેલાઇથી સમજી શકે તેવી તેમાં ભાષાશૈલી અને સાદા શબ્દો હોવા જોઇએ. તેમને હલાવી વિસ્મય જગાડી શકે તેવી ઘટનાઓ આવવી જોઇએ, બાળ સાહિત્યમાં સંસ્કાર ચિંતન કરે તેવો સંદેશો પરોક્ષ રીતે ગુંથાયેલો હોવો જોઇએ. વળી બાળકોમાં વીરતા-નીડરતાં, દયા-કરૂણા, ઇમાનદારી, દેશદાઝ, વિનય-વિવેક, નિર્બળને સહાય, વડીલોને માન, જાત મહેનત ઝિંદાબાદ જેવા પાયાના ગુણો - મુલ્યો શિખવે તથા ગમ્મત સાથે જ્ઞાન આપે અને તેમનું બૌદ્ધિક કૌશલ્ય કેળવાય એ બધી વાતોનું ઘ્યાન બાળ સાહિત્યના લેખકે રાખવું પડતું હોય છે. તેમાં પણ બાળ નાટકમાં તો બાળ સહજ કલ્પનાઓ - તોફાનો - બાળકોને પસંદ વિષયો અને બાળ માનસને અનુરૂપ ભાષાનો લેખકે ખાસ ખ્યાલ રાખવો પડે છે.

હાં, આજે મારે તમને ગાંધીનગરના જ એક ખુબ જાણીતા નાટ્યાકાર દ્વારા લખાયેલાં બાળ નાટકોના તાજેતરમાં પ્રગટ થયેલાં પુસ્તકની વાત કરવી છે.

'દીવાથી પ્રગટે દીવો' બાળ નાટક સંગ્રહમાંથી પસાર થતાં તેમાં આપણને કુલ-૫ નાટકો મળેલ (૧) દીવાથી પ્રગટે દીવો (૨) આપણી ટૂકડી ઝિંદાબાદ (૩) ગરબટ ગોટાળો (૪) મૂરખનો સરદાર (૫) હવે નહીં કરીએ ભૂલ.




પ્રથમ નાટક 'દીવાથી પ્રગટે દીવો' તેવા શિર્ષક પરથી જ બાળ નાટ્ય સંગ્રહનું નામકરણ થયું છે. આ નાટકમાં કુલ-૧૧ પાત્રો છે. ધોરણ-૬ કે ૭ માં ભણતાં સરખી ઉંમરના એક જ સોસાયટી કે શેરીમાં રહેતા છોકકરાઓ અને સાંજના સમયે સોસાયટીનાં ચોકઠાનું વાતાવરણ લેખકે અહીં પસંદ કર્યું છે. બાળ સહજ મસ્તી, રમુજ સાથે સાથે ટૂંકા ટૂકાં સંવાદો દ્વારા લેખકે વાતને સરસ રીતે આગળ વધારે છે. ચોર પોલીસની રમત રમતાં બાળકોને વડીલોની સેવા કરવાની, હંમેશા બીજાનો વિચાર કરવાની, વાત ઉપદેશના જરા પર ભાર વિના મુકી છે. તે સાથે સાથે સફાઇ જેવી પ્રવૃત્તિ, બગીચાની સંભાળ તેમજ ઘરડાં માજી મંછાબા માટે ડોકટરને બોલાવી લાવી મદદરૂપ થવાની વાત સાથે જયોત સે જયોત અને દીવાથી દીવો પ્રગટાવવાની ભાવના જગાડવામાં લેખક સફળ થયા છે.

બીજું નાટક 'આપણી ટૂકડી ઝિંદાબાદ' માં કુલ ૧૫ જેટલા પાત્રો સાથેનું આ નાટક બાળનાટક તરીકે બાકી બધી જરૂરિયાતો અને લાક્ષણિકતાઓ પુરી કરતું હોવા છતાં કંઇક વધું લાંબુ હોય તેવું મને લાગ્યું છે. નાટકમાં સાંજનો સમય અને વેકેશનમાં 'શેરીના ચોકમાં છોકરાઓ રમવા ભેગા થાય છે. એ જ વાતાવરણ લેખકે મુક્યું છે. બાળકો વચ્ચે ચર્ચાઓ થાય છે. જેમાં ચિરાગના દાદાના પટારામાંથી એક નકશો મળ્યો છે. જેમાં દર્શાવ્યા મુજબ ગામની દક્ષિણે આવેલી ધોળી નદીને પેરે પાર જે જંગલ છે એમાં એક જૂનો - પુરાણો ખંડિયેર થઇ ગયેલો કિલ્લો છે. એ કિલ્લામાં એક ખજાનો છે. તે શોધવાનો પ્લાન બાળકો કરે છે. બાળસહજ ભય, ભૂખ અને મજાક મસ્તી ચાલે છે. એક સાધુનું પાત્ર આવે છે. ભૂખાળવા ભાનુ ભીમનું પાત્ર બાળકોને હસાવવા માટે સારું છે. બાળકો એક ગુફામાં જાય છે ત્યાં તેમને એક ખજાનો મળે છે. આ પાણીનો ખજાનો છે. જે અંગે લાગતા વળગતાઓને જાણકારી લોકો માટે ઉપયોગી થવાની વાત છે. બાળકો આગણ વધે છે. ગુફામાં એક વૃદ્ધ બેભાન વ્યક્તિ મળે છે. તે સ્પેસ સાયન્ટીસ્ટ હોય છે. તે અંકો કઇ રીતે આવ્યા તેની અને પોતે કરેલી શોધની વાત કરે છે. ચિરાગ તેમને શોધેલ એરસૂઝ પહેરી ઉડવા જાય છે. આ વાત લેખકની બાળવાર્તાઓમાં પણ અગાઉ આવી ગયેલ છે. જેનું નાટ્ય રૂપે પુનરાવર્તન લાગે છે. પણ નાટકમાં બાળકોને આ વારતા કુતૂહલ જગાડીને જકડી રાખવા માટે ઉપયોગી બને છે.'

'ગરબડ ગોટાળો' નાટકમાં માત્ર-૬ પાત્રો છે. ઘરનાં બેઠક ખંડમાં ભજવાનું આ નાટક તેમાં પણ સમય સાંજનો જ લેખકે પસંદ કર્યો છે. કેદાર અને કબીર બે સુધીરભાઇના બે જોડિયા દીકરાઓ છે. તેમનાં સ્વભાવ જુદા છે. બાકી વાન, ઊંચાઇ, ચહેરે મહોરે સરખા હોઇ તે ગટુ સાથે ગોટાળા સર્જાય છે. જેથી પ્રેક્ષકોને મજા પડે તેવું છે. ભીમજી કાકાના સ્કૂટર હવા એકભાઇ કાઢી નાંખે છે. તેની શિક્ષા બીજાને ભોગવવાની આવે છે. છેલ્લે તોફાન નહીં કરવાની શીખ સાથે નાટક વિરામ પામે છે.

'મૂરખાનો સરદાર' નાટકમાં કુલ મળીને ૧૮ જેટલાં પાત્રો છે. નાટક દસ દ્રશ્યોમાં વહેંચાયેલું છે. છતાં દ્રશ્યો ટૂંકા ટૂંકા છે. અકબર ને બીરબલની ખુબ જ જાણીતી વાર્તાનું અહીં સુંદર નાટ્ય રૂપાંતર આપણને મળે છે. તેમાં સંવાદોની મૌલિખતા અને દૃશ્ય રચના દ્વારા લેખકે એક સરસ બાળ નાટકનું સર્જન કર્યું છે. તેમ કહી શકાય.

'હવે નહીં કરીએ ભૂલ' નાટકમાં કુલ ૧૧ જેટલાં પાત્રો છે. સ્વચ્છતાનો સંદેશ આપતું આ નાટક કોઇ સરકારી પ્રચાર સાહિત્યથી વિશેષ કંઇ લાગતું નથી. તેમાં આપવામાં આવતો સીધો ઉપદેશ એક સારા નાટ્યકાર પાસે આપણી અપેક્ષા ઉણી ઉતરે તે પ્રકારનો લાગે છે.

આ પુસ્તકના છેલ્લા પાને જણાવ્યા મુજબ આ એવાં પાંચ બાળ નાટકો છે જે ભજવવા માટે ભવ્ય સ્ટેજની કે અન્ય ખાસ સામગ્રીની જરૂર પડે તેવું નથી. બાળકોને અભિનય કળાનો અનુભવ કરાવે તેવા ઘરમાં, આંગણમાં કે ટેરેસ પર પણ ભજવી શકાય તેવાં આ નાટકો બાળકોને ખુબ ગમી જાય તેવાં છે. વળી બાળકોને ગમ્મત સાથે સુટેવોને ચારિત્ર્ય ઘડતર થાય આનંદ-વિનોદ સાથે તેમનામાં માનવીય ગુણો અને સંસ્કાર સિંચન થાય તેવાં નાટકો હોવાનું તેમની પ્રસ્તાવનામાં ખુદ લેખક બયાન કરે છે. તે સાચું જ છે.

'દીવાથી દીવો પ્રગટે' ના લેખક - પ્રકાશ લાલા જાણીતા નાટ્ય લેખક અને નાટ્યકાર છે. તેમણે સ્ટેજ અને ટી.વી. પર અનેક નાટકો રજૂ કર્યા છે. આ પહેલાં 'હિપ હિપ હુર્રે રે...' નામનો એક અન્ય નાટ્ય સંગ્રહ પણ આવી ચૂક્યો છે. ઉપરાંત હાસ્ય લેખનો સંગ્રહ 'ક્લીન બોલ્ડ', પ્રકાશ લાલાની મનપસંદ બાળવાર્તાઓ પણ પ્રગટ થઇ ચૂકી છે.

ગુર્જર ગ્રંથરત્ન કાર્યાલય દ્વારા પ્રગટ થયેલા તેમનાં આ બાળ નાટ્ય સંગ્રહને આવકારઉં છું અને તેમને અભિનંદન પાઠવું છું.

**દીવાથી પ્રગટે દીવો (બાળનાટ્ય સંગ્રહ)**
**લેખક - પ્રકાશ લાલા : પ્રકાશક - ગૂર્જર ગ્રંથરત્ન કાર્યાલય**
**રતનપોળ નાકા પાસે, ગાંધી રોડ, અમદાવાદ-૧**
**કિંમત - રૂા. ૮૦, પૃષ્ઠ - ૯૮, પ્રથમ આવૃત્તિ - ૨૦૧૪**

# જેને હારતાં આવડતું નથી એને કશું જ આવડતું નથી

> ગાંધીનગરમાં ઉત્તરાવસ્થા વ્યતીત કરી રહેલા વરિષ્ઠ સર્જક શ્રી મોહંમદ માંકડ એમની નાજુક તબિયતને કારણે ઘણાં વર્ષોથી ઘરમાં પુરાઇ ગયા છે. ગુજરાતી ભાષાના આ નવરા-ગરવા વાર્તાકાર - નવલકથાકાર છેલ્લાં વર્ષોમાં એમની લોકપ્રિય કોલમને કારણે જનસાધારણના લાડકા લેખક બની રહ્યા છે. જેમને માટે 'મહર્ષિ' જેવું વિશેષણ પણ નાનું પડે, એવા આપણા આ સમર્થ ચિંતક જીવનમાં નિષ્ફળતાના મહત્ત્વ વિશે શું વિચારે છે તે વાંચો.

## હું રસ્તે રઝળતી વારતા

**- અચના કમલેશ**

માણસના જીવનમાં એને મળતી સફળતાઓ કરતાં નિષ્ફળતાઓનું મહત્ત્વ વધારે હોય છે. થોમસ હકસલે કહે છે કે, જીવનના પ્રારંભમાં મળતી થોડી નિષ્ફળતાઓમાં કેટલાક વ્યવહારું લાભ સમાયેલાં છે. જે માણસો નિષ્ફળ જવા માટે તૈયાર હોતા નથી. તેઓ જીવનના કેટલાક અગત્યના પાઠ કયારેય શીખી શકતા નથી.

એક માણસને હું ઓળખું છું. દીકરાને એન્જિનિયર બનવાની તેમને બહુ જ ઇચ્છા હતી. છોકરો હોંશિયાર પણ હતો, પણ ઉતાવળો એટલો હતો કે કશું શીખવા તૈયાર જ નહોતો. દરેક વસ્તુ પોતાને આવડે છે તેમ માનીને આગળ ચાલતો હતો.

હાઇસ્કૂલમાં નવમા ધોરણની છ માસિક પરિક્ષામાં તે નાપાસ થયો ત્યારે તેના પિતાને પાર વિનાનો આઘાત લાગ્યો. પોતાના દીકરાને વિજ્ઞાન નથી આવડતું એ વાત તેમનાં મગજમાં ઊતરી જ ન શકી. 'અરે, અત્યારથી એ અમારા ઘરમાં વીજળીનો ગમે તે ખોટકો હોય તો શોધીને સરખો કરી આપે છે. ગેસનો ચૂલો હોય, ઇલેકટ્રીક ઇસ્ત્રી હોય, સ્કૂટર હોય, ગમે તે વસ્તુ ને તેમાં ગમે તે બગાડ થયો હોય, તેની નજર એટલી વેધક છે કે કયારેક તે નિષ્ફળ જતો નથી.' છોકરાના શિક્ષક સાથે તેમણે દલીલ કરી. તેમના મત પ્રમાણે તેને વિજ્ઞાનમાં નાપાસ કરવામાં તેના શિક્ષકનો જ વાંક હતો. 'હું તેને ગમે તેમ કરી એન્જિનિયર બનાવવા માંગું છું. ટ્યુશન રાખવા તૈયાર છું. ગમે તે કરવા તૈયાર છું.'

> **શ્રદ્ધા અને લક્ષ્ય**
>
> ઈરાનનાં સૂફી સંત જલાલુદ્દીન રૂમી પોતાના શિષ્યો સાથે મુસાફરીમાં હતા ત્યાં રસ્તામાં એક ખેતરમાં પચાસેક ફૂટ ઊંડા ચાર ખાડા ખોદેલા જોયા, અને ખેડૂત પાંચમો ખાડો ખોદી રહ્યો હતો.
>
> શિષ્યોએ સાશ્ચર્ય આનું રહસ્ય પૂછતાં સંત બોલ્યા :
>
> 'આ માણસ ખેતર માટે પાણી મેળવવા આ ખાડો ખોદી રહ્યો છે, ને પાણી ન નીકળતાં ઉપરાઉપર બીજા ખાડા ખોદ્યે જાય છે. પરંતુ આના કરતાં પોતાનો શ્રમ ફક્ત સો-દોઢસો ફૂટનો એક ખાડો ખોદવા પાછળ ખર્ચ્યો હોત તો જરૂર પાણી મળત, અને આમ ખાડા ખોદાઈને એનું ખેતર બગડત નહિં, સાધક જીવનમાં પણ વારંવાર પોતાની શ્રદ્ધા અને પોતાનું લક્ષ્ય બદલનાર જીવનરૂપી ખેતરની આવી જ દુર્દશા થાય છે.'

છોકરાના શિક્ષક ભલા માણસ હતા. છોકરાની ખામીની તેમને ખબર હતી. તેમણે કહ્યું : 'તમારી વાત સાચી છે. તમારો દીકરો બહુ જ હોંશિયાર છે, પણ તેનામાં એક ખામી છે - તે કશું શીખવા તૈયાર જ નથી. અને જીવનમાં આગળ વધવા માટે એકલી હોંશિયારી જ નહિ, પણ ધીરજપૂર્વક મહેનતની પણ જરૂર હોય છે.'

'હું ટ્યૂશન રાખવા તૈયાર છું.' મૂંઝાયેલા પિતાએ કહ્યું, 'તમારી વાત સાચી છે, પણ ટ્યૂશન રાખવાથી જ છોકરાઓને આવડી જતું નથી. મહેનત શિક્ષકે નહીં, છોકરાએ કરવાની છે.' અને ઉશ્કેરાયેલા પિતા સહેજે ઠંડા પડ્યા એટલે શિક્ષકે કહ્યું : 'સાહેબ, દરેક માણસને જીવનમાં નિષ્ફળતાઓનો સામનો કરવો જ પડે છે. તેના અભ્યાસમાં કચાશ કયાં તેનું તેને ભાન થવા દો.'

કેટલીક વ્યક્તિઓ પોતાની નિષ્ફળતાઓ કે ખામીઓ સ્વીકાર કરવા કયારેક તૈયાર નથી હોતી. નિષ્ફળતાઓમાંથી તેઓ કશું જ શીખી શકતા નથી. બચપણથી જ તેમને તેમની નિષ્ફળતાઓનાં ફળ ભોગવવા દેવામાં નથી આવ્યા હોતા. માતાપિતાનાં લાકડા હોવાને લીધે દરેક વખતે માતાપિતા ઢાલ બનીને તેમનું રક્ષણ કરતાં હોય છે. પરીક્ષામાં નાપાસ થાય ત્યારે તેમના શિક્ષકોનો અને શિક્ષણ પદ્ધતિનો વાંક કાઢવામાં આવે છે. ઓફિસ કામમાં નિષ્ફળતા મળે ત્યારે ખટપટનો દોષ કાઢવામાં આવે છે. ધંધામાં નિષ્ફળતા મળે ત્યારે, બીજા લોકોનો કે નસીબનો દોષ કાઢવામાં આવે છે. તેમના ફાળે કોઇ દોષ આવતો નથી. નિષ્ફળતા જ માણસને આત્મભાન કરાવે છે કેટલીક બાબતોમાં પોતે બીજા કરતાં ચડિયાતો હોવા છતાં બીજી કેટલીક બાબતોમાં કેટલો ઊતરતો છે તેનું ભાન માણસને નિષ્ફળતા માણસના મિથ્યા ગર્વનો નાશ કરે છે, અને તેની જાતને તેના સાચા સ્વરૂપમાં તેની પાસે પ્રગટ કરે છે.

નિષ્ફળતાઓ પામીને ઘડાયેલો માણસ પોતાનું એવું મૂલ્યાંકન કરતાં શીખે છે કે બીજા કોઇએ કરેલી ખોટી પ્રશંસાથી તે ફૂલાઇ જતો નથી કે ખોટી ટીકાથી નિરાશ થઇ જતો નથી. નિષ્ફળતા માણસને સાચી આંતરસૂઝ આપે છે, અને આવી દૃઢ આંતરસૂઝ વાળા માણસો બીજાની પ્રશંસા કે ટેકા ઉપર નહિં, પણ પોતાના બળ ઉપર જીવતા હોય છે. એવા માણસો કલાકાર હોય, લેખક હોય, પોલિટિશિયન હોય કે સામાન્ય વ્યક્તિ હોય, તોફાનો અને હાડમારીઓથી એટલા તો ઘડાઇ ગયા હોય કે પોતાનું કામ કયારેય છોડી દેતા નથી. તેમના માટે તેમનું જીવન અને તેમનું કામ એકબીજાના પર્યાય બની ગયા હોય છે.

પશુ-પક્ષીઓ પોતાનાં બચ્ચાંને શિકાર કરતાં, લડતાં, ઊડતાં શીખવે છે. માણસ પોતાના બચ્ચાને બહુ ઓછું શીખવે છે.

(અનુસંધાન પાના નં. ૬ પર)

# શું તમે કોઇ વ્યક્તિ અંગે પૂર્વગ્રહ ધરાવો છો?

## ચેતનાનો સમય

**પ્રો. ઇન્દુભાઇ ભટ્ટ**

જયારે તમે પોતે કોઇ બીજી વ્યક્તિ વિશે, વ્યક્તિના સ્વભાવ, વ્યક્તિત્વ, ટેવો વિષે કોઇ સમજ વિના, જાણકારી વિના તેના વિષે ખ્યાલ બાંધી લેતા હો ત્યારે તેને પૂર્વગ્રહ કહે છે. જયારે કોઇ બીજી વ્યક્તિ અંગે ચર્ચા થાય. વાતચીત થાય ત્યારે અગાઉથી જ કેટલાંક ખ્યાલો બાંધી લઇએ તેના વિષે વાતો કરો ત્યારે તે પૂર્વગ્રહ યુક્ત વાર્તાલાપ કહેવાય. ધારો કે તમે બેઠા હો અને તમે બીજાના વિષે વાતો કરો ત્યારે કોઇ ટપકું મુકે કે જવાબોને ભાઇ, વાત કરવા જેવી નથી આટલું બોલીને એક પ્રમાણપત્ર આપી દે એટલે થયો પૂર્વગ્રહ. અરે ભાઇ ! તમે તેના વિષે જાણ્યા કારવ્યા વર નવરાં બેઠાં જેના તેના વિષે પ્રમાણપત્રો આપવાનો ઠેકો લીધો હોય તો તે પૂર્વગ્રહ કહેવાય છે. બીજી કોઇ વ્યક્તિના સારા નરસાપણાની, જીવનના મૂલ્યો બાબતની, તેના ચોક્કસ વલણો, પ્રત્યેની છાપ પહેલેથી મનમાં બાંધેલી હોય છે. જેમાં હકીકત ( ) નો કોઇ આધાર ના હોય ત્યારે તે પૂર્વગ્રહમાં પરિણમે છે. જો કે તેમાં ઇર્ષા કામ કરતી હોય છે. અથવા બીજાના વ્યક્તિત્વ વિષેની જાણકારી વિના પોતે મહાન છે અને બીજા ઉતરતી કક્ષાના માણસ છે. એટલે પોતાની મહાનતા, પોતાનો ઇગો વ્યક્ત કરવા બીજા વિષે ખોટો પૂર્વગ્રહો બાંધીને પોતે જ પોતાના વખાણ કરે છે.

બીજી કોઇ વ્યક્તિ વિષે પાયા વગરનો પૂર્વગ્રહ બાંધવામાં આવતો હોય ત્યારે કોઇ જાતની પૂર્વવિચારણા વગર, વાસ્તવિક હરીકતમાં આધાર વગરે તેની નકારાત્મક વાતો કરાતી હોય કે ટીકાટીપ્પણી કરાતી હોય ત્યારે તેને પૂર્વગ્રહ કહે છે. આવો પૂર્વગ્રહ ધરાવનાર વ્યક્તિની વિકૃતિ વ્યક્ત કરે છે. તેને આનંદ આવે છે અને બીજાના વિષે ટીકા કરી પોતાની જાતને મહાન ચિતરવા પ્રયાસ કરે છે. પૂર્વગ્રહ ધરાવનાર વ્યક્તિ સતત વિકૃત આનંદ મેળવીને સંતોષ માને છે. બીજી કોઇ વ્યક્તિ વિષે પાયા વગરના વિકૃત ખ્યાલો બાંધવા અને તેનો પ્રચાર કરવો એ પૂર્વગ્રહ બને છે. પૂર્વગ્રહમાં બૌદ્ધિકતાનો અભાવ હોય છે. બીજાના વિષે, બીજાના ચારિત્ર્ય વિષે, પૂર્વગ્રહ ધરાવનાર વ્યક્તિના કેટલાક લક્ષણો હોય છે. જેમાં અમે અને તેઓ હું તે વચ્ચેનો ભેદ વ્યક્ત કરીને અમે ભધાં સારા, હું પોતે સારો અને ફ્લાણી વ્યક્તિ કે ફ્લાણી સંસ્થા કે મંડળ કે જૂથ ખરાબ છે. તેવી સરખામણી કરે છે અને સરખામણી કરતી વખતે બીજાના વિષે કોઇ પણ પ્રકારની હકીકત કે માહિતી હોતી નથી. પૂર્વગ્રહ ધરાવનાર વ્યક્તિ કે વ્યક્તિનું જૂથ એવા ગાણા ગાતા હોય છે કે અમારી રીતરસમો,, અમારા વિચારો, અમારી લાગણીઓ, ફ્લાણી વ્યક્તિ સ્વીકારતી નથી. તેથી તેઓ પોતાના કરતાં નીમ્નકક્ષાના છે તેવા નિવેદનો જયાં ત્યાં કરતાં રહે છે.

કેટલીક વખત કેટલીક વ્યક્તિ કે જૂથો તરફથી પોતાનો કડવો અનુભવ થયો હોય, પોતાનું ધાર્યું થયું ના હોય, પોતાની ઇચ્છા પ્રમાણે સામી વ્યક્તિ વર્તતી ના હોય ત્યારે વ્યક્તિ તેના પ્રત્યે જડ બનીને મનમાં પૂર્વગ્રહ બાંધી લે છે કેટલીક વખત તો પૂર્વગ્રહ વારસાગત બાબત બની જાય છે. માતાપિતાના પગલે સંતાનો પણ પૂર્વગ્રહ ધરાવતા બની જાય છે. કેટલીક વખત સામાજિક અનુકૂલન સાધવામાં નિષ્ફળ જાય ત્યારે વ્યક્તિ વિકૃત બનીને પૂર્વગ્રહ ધરાવતો થઇ જાય છે. કોઇનાં વિષે પૂરી જાણકારી વિના, હકીકતની તપાસ કર્યા વિના ઇર્ષાળુ બનીને પૂર્વગ્રહ બાંધી લેનારા હોય છે. સરકારી નોકરીમાં નિવૃત્તિના આરે પહોંચેલ કર્મચારી કે અધિકારીને હેરાન કરવા તેનું પેન્શન અટકાવવા કેટલીક ઇર્ષાળુ અને પૂર્વગ્રહમાં વિકૃત બની ગયેલ અન્ય વ્યક્તિ કે કર્મચારી પેલા નિર્દોષ કર્મચારી કે અધિકારીને હેરાન કરવા ખોટા નિવેદનો, પાયા વગરના આક્ષેપો કરીને તકેદારી આયોગમાં બેનામી અરજીઓ કરતા હોય છે અને પેલો નિર્દોષ કર્મચારી અધિકારી હેરાન થાય કે તેના પેન્શન અટકાવવા બાબતે ઇન્કવાયરી થાય એટલે પેલી પૂર્વગ્રહ ધરાવતી વ્યક્તિને વિકૃત આનંદ આવે છે. પૂર્વગ્રહ ધરાવવો એ એક પ્રકારની માનસિક વિકૃતિ છે. વ્યક્તિની માનસિક બિમારી છે. આવી પૂર્વગ્રહ ધરાવતી વ્યક્તિનો એક કાયમી સ્વભાવ જ બની ગયો હોય અને નવરા બેઠા બીજાના વિષે ટીકા ટીપ્પણી કરીને કે બીજાના વિષે પાયા વગરની નકારાત્મક વાતો કરીને આત્મસંતોષ મેળવવાનો વિકૃત આનંદ મેળવે છે. કેટલીક વખત કોઇ વ્યક્તિ કે સંસ્થા કે જૂથ પ્રગતિ કરે વિવિધ ક્ષેત્રે નામના મેળવે, સિદ્ધિ મેળવે, સફળતાના શિખરો સર કરે ત્યારે બીજી વ્યક્તિઓને તેની ઇર્ષા થાય છે અને મનોમન સમજતો હોય છે કે હું પાછળ રહી ગયો અને ફ્લાણો આગળ વધી ગયો ત્યારે સફળતા હાંસલ કરનાર વ્યક્તિ વિષે પાયા વગરની વાતો વહેતી મુકીને પૂર્વગ્રહ બાંધીને પ્રચાર કરતાં રહે છે. પૂર્વગ્રહ ધરાવવો એ એક પ્રકારનું આક્રમણકારી, ઇર્ષાખોર અને બદલાની ભાવનાસભર વલણ સ્પષ્ટ કરે છે. આવી વ્યક્તિથી સો ગાઉ દૂરી રાખવી હિતાવહ છે.

રાજકારણમાં આવા પૂર્વગ્રહો મોટા પાયે જોવામાં આવે છે. આવા રાજકીય પૂર્વગ્રહોથી સમાજમાં વેરઝેર અને વર્ગવિગ્રહ થતો હોય છે. પ્રજામાં પણ રાજકારણીઓ પૂર્વગ્રહોની લહાણી કરીને પ્રજાને પૂર્વગ્રહો ધરાવતી બનાવી દેવાનો પ્રયાસ કરે છે. જયારે બીજી કોઇ વ્યક્તિ કે સંસ્થા ઉપર હકીકતથી ભરપૂર, સત્ય ઘટના કે માહિતીથી ભરપૂર આક્ષેપો થતા હોય ત્યારે તે પૂર્વગ્રહ બનતો નથી પરંતુ પાયા વગરની જુઠ્ઠી હકીકતો, ખોટી માહિતી ખોટા આક્ષેપો કરાતા હોય તો તે પૂર્વગ્રહ બને છે. ખાસ તો અંતમાં ચેતનાનો સંદેશો એ જ છે કે તમે કોઇ પૂર્વગ્રહ ધરાવતી વ્યક્તિની રચેલ પૂર્વગ્રહની ઝાળમાં ફસાતા નહિં.